## 1. સી. ટી. મોર્ગને આપેલ શિક્ષણની વ્યાખ્યા આપો ?

➢ અમેરિકન મનોવૈજ્ઞાનિક સી. ટી. મોર્ગને શિક્ષણની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે "શિક્ષણ એટલે અનુભવ અને પ્રયત્ન કે મહાવરાથી વર્તનમાં થતો માપી શકાય તેવો સાપેક્ષ, કાયમી ફેરફાર."

## 2. પ્રયત્ન અને ભૂલ' દ્વારા શિક્ષણ અંગેનો પ્રયોગ કોણે કરેલો હતો ?

➢ પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ અંગેનો પ્રયોગ અમેરિકન મનોવૈજ્ઞાનિક થર્નડાઈકે કર્યો હતો.

## 3. અનઅભિસંધિત પ્રતિક્રિયા એટલે શું ?

➢ કોઈ પણ પ્રકારનાં જોડાણ, શિક્ષણ કે અભિસંધાન થયા પહેલાં જે પ્રતિક્રિયા જોવા મળે અને જે પ્રતિક્રિયા શીખાયેલી નથી, તેને અનઅભિસંધિત પ્રતિક્રિયા કહે છે.

## 4. "પ્રબલન" એટલે ?

➢ "પ્રબલન" એટલે શીખેલી કે શીખવવામાં આવેલી પ્રતિક્રિયાને દઢ કે બળવાન કરનારું ઘટક.

## 5. પ્રશિષ્ટ અભિસંધાનના મૂળભૂત ખ્યાલો જણાવો ?

➢ પ્રશિષ્ટ અભિસંધાનના મૂળભૂત ખ્યાલો આ પ્રમાણે છે :

- ✓ (1) અનઅભિસંધિત ઉદ્દીપક,
- ✓ (2) અનઅભિસંધિત પ્રતિક્રિયા,
- ✓ (3) અભિસંધિત ઉદ્દીપક,
- ✓ (4) અભિસંધિત પ્રતિક્રિયા,
- ✓ (5) પ્રબલન,
- ✓ (6) વિલોપન,
- ✓ (7) ઉદ્દીપક સામાન્યીકરણ,
- ✓ (8) ઉદ્દીપક ભેદબોધન.

## 6. કારક અભિસંધાનનો ખ્યાલ કોણે આપેલો ?

➢ કારક અભિસંધાનનો ખ્યાલ અમેરિકન મનોવૈજ્ઞાનિક બી. એફ. સ્કિનને આપેલો.

## 7. કારક અભિસંધાનમાં વિલોપનની ક્રિયા ક્યારે જોવા મળે છે ?

➢ કારક અભિસંધાનમાં જ્યારે પ્રબલન આપવાનું બંધ કરવામાં આવે ત્યારે વિલોપનની ક્રિયા જોવા મળે છે.

8. આહા! અનુભવ કયા શિક્ષણ સાથે સંકળાયેલ છે ?

- આહા ! અનુભવ આંતરસૂઝ દ્વારા શિક્ષણ સાથે સંકળાયેલ છે.

9. કોહલર કયા સંપ્રદાય સાથે સંકળાયેલા હતા ?

- કોહલર સમષ્ટિવાદી સંપ્રદાય સાથે સંકળાયેલા હતા.

10. કોહલરે ચિમ્પાન્ઝી પર આંતરસૂઝના પ્રયોગો કયા ટાપુ પર કરેલા ?

- કોહલરે ચિમ્પાન્ઝી પર આંતરસૂઝના પ્રયોગો કેનેરી ટાપુ પર કરેલા.

11. સજીવ મોટે ભાગે કયા બે પ્રકારનું વર્તન કરે છે ?

- સજીવ મોટે ભાગે આ બે પ્રકારનું વર્તન કરે છે :
  - ✓ (1) સાહજિક વર્તન અને
  - ✓ (2) શિક્ષિત વર્તન.

12. "અભિસંધાન" એટલે શું ?

- અભિસંધાન એટલે અનુભવોની એવી સાંકળ કે જેમાં એક ઉદ્દીપકની ઉપસ્થિતિમાં અન્ય ઉદ્દીપકોની હાજરી હોવાનો અહેસાસ કરાવે છે.

13. "અભિસંધાનમાં ઉદ્દીપકનું ભેદબોધન" એટલે શું ?

- "અભિસંધાનમાં ઉદ્દીપકનું ભેદબોધન" એટલે બે ઉદ્દીપક વચ્ચેના તફાવતને પારખવો.

14. આંતરસૂઝના પ્રયોગો કોણે કરેલા ?

- આંતરસૂઝના પ્રયોગો કોહલર નામના જર્મન સમષ્ટિવાદી છે મનોવૈજ્ઞાનિકે કરેલા.